<u>રાજકોટના ૫માં એડી. જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં, રાજકોટ.</u>

ફોજદારી કેસ નં. ૧૮૨૮/૨૦૨૧

<u>આંક– ૧ નીચે હુકમ</u>

(૧) આ કામે ચાર્જશીટ, એફ. આઈ. આર. તથા તપાસના કામે રજુ થયેલા કાગળો વંચાણે લીધા.આ કામે આરોપી ઉપરનો આક્ષેપિત ગુનો વંચાણે લેવામાં આવે તો ફરીયાદપક્ષનો કેસ એવો છે કે, આ કામનાઆરોપી જાહેરમાં ગેરકાયદેસર વગર પાસ પરમીટનો દારૂ પી લથડીયા ખાતો બકવાસ કરતો મળી આવેલો છે. જેથી આરોપીને અટક કરીને તેનું બ્લડ સેમ્પલ ચકાસણી માટે લેવામાં આવેલું.

(૨) આ કામે રજુ થયેલ પર્ફોમા સી નો એફ.એસ.એલ. ગાંધીનગર હેઠળનું જે સર્ટીફીકેટ રજુ થયેલ છે તે અનુસાર હાલનાં આરોપીનું બ્લડ સેમ્પલ તા. ૦૩/૦૭ /૨૦૨૦ નાં રોજ લેવામાં આવેલ છે તથા તે તા. ૨૩/૦૭/ ૨૦૨૦ નાં રોજ એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે પહોંચેલ છે.

(૩) મુંબઈ પ્રોહીબીશન મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રૂલ ૧૯૫૯ નાં રૂલ ૪(૨) તરફ દોરવામાં આવેલ છે. સદર નિયમમાં કરવામાં આવેલી જોગવાઈઓ જોવામાં આવે તો લીધેલ નમુનાં લોહીને ચકાસવા માટે ચકાસણી અધિકારીને ટપાલ મારફત અથવા ખાસ સંદેશાવાહક મારફત મોકલી આપવાનું આવું લોહી લીધાની તારીખથી સાત દિવસની અંદર મળી જાય તે રીતે મોકલવું. <u>નામદાર વડી અદાલતે ૧૯૯૦(૨), ગુજરાત લો હેરાલ્ડ પાના નં. ૪૫૧ ગુજરાત રાજય વિરુધ્ધ બાપુજી સવાજીભાઈ</u>નાં કેસમાં પ્રતિપાદિત કરવામાં આવેલ સિંધ્ધાતને લક્ષમાં લેતાં લીધેલ નમુનો સાત દિવસની અંદર પ્રયોગશાળામાં પહોંચી જવો જોઈએ.

(૪) આમ, મુંબઈ નશાબંધી ( ડોકટરી તપાસ અને લોહીની ચકાસણી ) નિયમોનાં નિયમ નં. ૪ (૨) અનુસાર આવાં લોહીનો નમુનો ટેસ્ટીંગ માટે લીધેલ તારીખથી સાત દિવસની અંદર ટેસ્ટીંગ ઓફિસરને મળી જવો જરૂરી છે. પરંતુ હાલનાં કેસમાં સાત દિવસની અંદર તે મળેલ ન હોય સદરહું સર્ટીફીકેટને માની શકાય નહિ અને તે પ્રોહીબીશન એકટ હેઠળનું મેન્ડેટરી જોગવાઈ છે જે જોગવાઈનું પાલન થયેલ ન હોય તેવા કિસ્સામાં આરોપી વિરુધ્ધનું જે તહોમત મુકવામાં આવેલ છે તે ટકી શકે તેવું નથી. હાલના કામમાં એફ.આઈ.આર તથા રેકર્ડ ધ્યાને લેતાં આરોપીને લોહીનાં નમુના દિન–૭ ની અંદર એફ.એસ.એલ. લેબોરેટરી ગાંધીનગર ખાતે પહોંચેલાં નથી અને તે ત્યારબાદ ઘણાં જ મોડા પહોંચેલાં છે. આમ, મુંબઈ પ્રોહીબીશન મેડીકલ

**એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રૂલ ૧૯૫૯ નાં રૂલ ૪(૨) ની મેન્ડેટરી જોગવાઈનો ભંગ થયેલ હોય તેવું આ કેસમાં જણાય છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરૂં છું.**

**<u>–:: હુકમ ::–</u>**

**હાલના આરોપી** કુલદિપ દામોદરભાઈ મશરૂ **ને પ્રોહી એકટની કલમ– ૬૬(૧)(બી),૮૫ (૧)(૩) માટે ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૯ મુજબ ડીસ્ચાર્જ કરવાનો હુકમ કરવામાં આવે છે.**

**હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તારીખઃ–** ૧૩/૦૫/૨૩
**સ્થળ :–રાજકોટ.**

**(દામિની દીક્ષિત)**
**૫ માં અધીક**
**જયુડી.મેજી.ફ.ક.,રાજકોટ**
**યુઆઈડી–જીજે૦૧૬૯૮**